ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ                                                                                    તા. ૨૪.૦૫.૨૦૧૭

**તા. ૨૮ મે થી તા. ૫ જૂન દરમ્યાન રાષ્ટ્રીય અને પ્રદેશના નેતાઓ સહિત ભાજપના ૪૮,૦૦૦ વિસ્તારકો ગુજરાતના ૪૮,૦૦૦ બુથમાં જઈને ઘરે ઘરે "હાર્ટ ટૂ હાર્ટ" (Heart to Heart) સંપર્ક કરશે અને સોશીયલ મીડિયામાં "નેટ ટૂ નેટ" (Net to Net) ૨૫ લાખથી વધુ લોકોનો સંપર્ક કરશે. - ભરત પંડ્યા**

---------------------

**વિસ્તારક યોજનાના શુભારંભ પ્રસંગે તા. ૨૮ મેના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની "મનકી બાત"ને સૌ કાર્યકર્તાઓ અને વિસ્તારકો બુથમાં સાંભળશે.**

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૩૧ મેના રોજ છોટાઉદેપુર ખાતે વિશેષ પ્રવાસ કરશે.**

---------------------

**પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ તા. ૨૮ થી ૩૧મી મે દરમ્યાન ગુજરાતના પ્રવાસે. તા.૨૮મીએ ગાંધીનગર અને મહેસાણાના બુથમાં જશે.**

---------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી તા.૨૮મી મે વડોદરા મહાનગરના બુથમાં જશે.**

---------------------

**તા. ૨૮ મેના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ખેડા અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ મહેસાણા ખાતે બુથમાં પ્રવાસ કરશે.**

---------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીના ઉત્થાન માટે જીવન ખપાવી દેનાર અને એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી ભાજપા દ્વારા "ગરીબ કલ્યાણ વર્ષ" તરીકે કરવામાં આવી રહી છે. આ "ગરીબ કલ્યાણ વર્ષ"માં ભાજપા સરકારની પ્રજાલક્ષી અને ગરીબલક્ષી યોજના જન-જન સુધી પહોંચાડવા માટે વિસ્તારક યોજના અમલમાં મુકવામાં આવી છે. વીર સાવરકરજીની જન્મજયંતિ તા. ૨૮ મે થી પ.પૂ.શ્રી ગુરૂજીની પુણ્યતિથી તા. ૫ જુન સુધી ચાલનારી આ વિસ્તારક યોજનાનો શુભારંભ તા. ૨૮ મેના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની "મનકી બાત"ને સૌ કાર્યકર્તાઓ અને વિસ્તારકો બુથમાં સાંભળીને કરશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારને ત્રણ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે **ભાજપના ૪૮,૦૦૦ વિસ્તારકો ગુજરાતના ૪૮,૦૦૦ બુથમાં જઈને ઘરે ઘરે "હાર્ટ ટૂ હાર્ટ" (Heart to Heart) સંપર્ક કરશે અને સોશીયલ મીડિયામાં "નેટ ટૂ નેટ" (Net to Net) ૨૫ લાખથી વધુ લોકોનો યોજનાબદ્ધ ગ્રુપ બનાવીને સંપર્ક કરશે.** બન્ને સરકારની કામગીરીઓને આ બન્ને માધ્યમથી નીચે સુધી પહોંચાડવામાં આવશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજના તથા પાર્ટીની વિચારધારા વિસ્તારક યોજના હેઠળ રાજ્યના ૪૮,૦૦૦ જેટલા બુથોમાં પહોંચાડવામાં આવશે. આ યોજનામાં પ્રદેશ, જીલ્લા, તાલુકાના આગેવાનો તેમજ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સંસદસભ્ય, ધારાસભ્યથી માંડીને જીલ્લા-તાલુકા, મહાનગર, નગરપાલિકામાં તમામ ચૂંટાયેલ સભ્યો બુથમાં જઈને સંપર્ક, સંવાદ અને સમન્વય દ્વારા પેઈજ પ્રમુખની રચના સાથે બુથ સમિતિ મજબૂત બનાવવી, અલગ-અલગ સમાજના વર્ગોના લોકોને મળવું, કેન્દ્ર અને રાજય સરકારની કામગીરીની પત્રિકા ઘર ઘર સંપર્ક કરીને પહોંચાડવી અને સત્ય, સેવા અને સક્રિયતા સાથે ભાજપના ૪૮,૦૦૦થી વધુ કાર્યકર્તાઓ દરેક બુથમાં પ્રેમ, એકતા અને વિકાસનો સંદેશો ફેલાવશે. તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

## પં. દીનદયાળ ઉપાધ્યાય જન્મ શતાબ્દી યોજના અંતગર્ત પ્રદેશ અગ્રણીશ્રીઓ જે તે જીલ્લાના સોંપેલ બુથમાં પ્રવાસ તેની વિગત

| ક્રમ | બુથમાં જનાર પદાધિકારીનું નામ | જવાબદારી | તારીખ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી અમિતભાઈ શાહ | રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી | ૩૧.૦૫.૨૦૧૭ | છોટાઉદેપુર |
| ૨. | શ્રી ભૂપેન્દ્રજી યાદવ | પ્રદેશ પ્રભારીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | ગાંધીનગર મહેસાણા |
| ૩. | શ્રી પરષોત્તમભાઈ રૂપાલા | રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી | ૨૯.૦૫.૨૦૧૭ | મોરબી |
| ૪. | શ્રી વિજયભાઈ રૂપાણી | મુખ્યમંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | ખેડા |
| ૫. | શ્રી નીતિનભાઈ પટેલ | નાયબ મુખ્યમંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | મહેસાણા |
| ૬. | શ્રી જીતુભાઈ વાઘાણી | પ્રદેશ પ્રમુખશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | વડોદરા શહેર |
| ૭. | શ્રી ભીખુભાઈ દલસાણિયા | પ્રદેશ મહામંત્રીશ્રી (સંગઠન) | ૨૮.૦૫.૨૦૧૭ | ગાંધીનગર અને મહેસાણા |
| ૮. | શ્રી આઈ.કે.જાડેજા | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | સુરેન્દ્રનગર |
| ૯. | શ્રી ગોરધનભાઈ ઝડફિયા | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | જામનગર શહેર |
| ૧૦. | શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ | પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | સાબરકાંઠા |
| ૧૧. | શ્રી સુરેન્દ્રભાઈ પટેલ | પ્રદેશ કોષાધ્યક્ષશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | કર્ણાવતી શહેર |
| ૧૨. | શ્રી કોશિકભાઈ પટેલ | પ્રદેશ કો-ઓર્ડીનેટરશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | જામનગર જીલ્લો |
| ૧૩. | શ્રી આર. સી. ફળદુ | પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | જામનગર જીલ્લો |
| ૧૪. | શ્રી ભરતસિંહ પરમાર | પ્રદેશ મહામંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | ભરૂચ |
| ૧૫. | શ્રી મનસુખભાઈ માંડવીયા | પ્રદેશ મહામંત્રીશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | બોટાદ |
| ૧૬. | શ્રી કે. સી. પટેલ | પ્રદેશ મહામંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | મહેસાણા |
| ૧૭. | શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ | પ્રદેશ મહામંત્રીશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | ખેડા |
| ૧૮. | શ્રી ભરતભાઈ પંડયા | પ્રદેશ પ્રવક્તાશ્રી | ૨૮.૦૫.૨૦૧૭ | અમદાવાદ |

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ